ગ્રામ-કોમ્પ્યુટર સાહસિક ધ્વારા એટીવીટી સેવાઓ
પૂરી પાડવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઇટી
સચિવાલય, ગાંધીનગર
તા.૨૬/૦૭/૨૦૧૯

**વંચાણે લીધા :-**

૧ વિજ્ઞાન અને પ્રૌદ્યોગીક વિભાગ દ્વારા સમાનાંકીં ફાઇલ પર તા.૧૮/૧/૨૦૧૭ થી મળેલ મંજૂરી.
૨ મહેસૂલ વિભાગ દ્વારા સમાનાંકીં ફાઇલ પર તા.૨૭/૧/૨૦૧૭ થી મળેલ મંજૂરી.
૩ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સમાનાંકી ફાઇલ પર તા.૯/૪/૨૦૧૯ થી મળેલ મંજૂરી.
૪ મહેસુલ વિભાગ દ્વારા સમાનાંકી ફાઇલ પર તા.૧૯/૭/૨૦૧૯ થી મળેલ મંજૂરી.

**આમુખ :-**

ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અધતન, સુવ્યવસ્થિત, સમયબધ્ધ, સરળ, ઝડપી બનાવવા રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ઇ-ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ગ્રામપંચાયતો ખાતે કોમ્પ્યુટર્સ અને તેને આનુષાંગિક સાધનસામગ્રી અને જરૂરી સોફ્ટવેર સાથે બ્રોડબેન્ડ ઇ-કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે. તમામ ઇ-ગ્રામ પંચાયતો ખાતે પી.પી.પી. મોડલના આધારે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક(વી.સી.ઇ.) જોડાયેલા છે.

ઇ-ગ્રામ પંચાયતો ખાતેથી વી.સી.ઇ. દ્વારા વિવિધ G2C અને B2C, ઇ-સેવાઓ જેવી કે, જન્મ-મરણ પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમાણપત્ર, આવકના દાખલા, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, ટેક્ષ કલેક્શન, વીજળી બીલ કલેક્શન, જી.એસ.પી.સી.બીલ કલેક્શન, રેલ્વે અને હવાઇ મુસાફરીની ટિકીટ, ટેલિફોન-મોબાઇલના રીચાર્જ, વીમા, મની ટ્રાન્સફર અને મ્યુચલ ફંડની કામગીરી, અન્ય વિભાગના અરજીફોર્મ વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવી રહેલ છે.

ગુજરાત સરકારનાં WWW.digitalgujarat.gov.in દ્વારા અલગ-અલગ પ્રકારની એટીવીટી(ATVT) સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે. આ સેવાઓ પૈકી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ આવતી સેવાઓને ઇ-ગ્રામ સેન્ટર દ્વારા પૂરી પાડવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા નીચેની વિગતે આ સેવાઓ પૂરી પાડવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

રાજ્ય સરકાર દ્વારા લોકાભિમુખ શાસન અને વહીવટી વિકેંદ્રીકરણની નીતિ અન્વયે ગુજરાત સરકારનાં પોર્ટલ WWW.digitalgujarat.gov.in દ્વારા આપવામાં આવતી એટીવીટી(ATVT) સેવાઓ પૈકી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ આવતી નીચે મુજબની સેવાને ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી સાથે સંલગ્ન ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur) દ્વારા સેવા-દીઠ રૂ.૨૦/-(અંકે રૂપિયા વીસ પુરા) લેખે પૂરી પાડવામાં આવશે.

(૧) Income Certificate (આવક પ્રમાણપત્ર)

(૨) Temporary Residence Certificate (અસ્થાયી રહેઠાણ પ્રમાણપત્ર)

આ સેવાઓ મેળવવા માટે અરજદાર દ્વારા તલાટી-કમ-મંત્રીને અરજી કરવાની રહેશે. તલાટી-કમ-મંત્રી આ અરજીઓની ચકાસણી કરી મંજૂરી આપશે. તલાટી-કમ-મંત્રીની મંજૂરી મળ્યા બાદ જ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur) દ્વારા આ સેવાઓ પૂરી પાડવામાં આવશે.

ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-VCE ધ્વારા વસુલ કરવામાં આવનાર રૂ.૨૦/-ની આંતરિક વહેંચણી નીચેની વિગતે કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ.૧૬/- |
| ૨. | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ.૪/- |
| | કુલ | રૂ.૨૦/- |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી (પંચાયત)ની તા.૨૫/૦૭/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(મનીષ મોદી)
સી.આઇ.ઓ. અને નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- SIO, NIC, બ્લોક નં.૧૩, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ